મેળા અને ઉત્સવોમાં સરકારી તંત્ર હંમેશા વ્યસ્ત
પેઈજ નં. ૩

ભાવનગરમાંથી અર્ધા કરોડની વેટ ચોરી ઝડપાઈ
પેઈજ નં. ૪

તાવ, ડાયાબિટીસની તકલીફમાં કારેલા સર્વશ્રેષ્ઠ
પેઈજ નં. ૫



સીટી વોચ
અસ્સલ ગુજરાતી
સંપૂર્ણ ગુજરાતી ઈ-પેપર



colour creation
high court road,
Bhavnagar.



વર્ષ : ૨ અંક : ૧૪ તા. ૨૯-૦૭-૨૦૧૦ ગુરૂવાર તંત્રી : હિતેશ રવિયા


# ડિપોઝિટ રેટમાં ૭૫ બેઝિક પોઇન્ટ સુધી વધારો

## આરબીઆઈના પગલા બાદ બેંકોના નિર્ણયઃ એચડીએફસી બેંક, સેન્ટ્રલ બેંક અને લક્ષ્મીવિલાસ બેંકોએ ડિપોઝિટના રેટ વધાર્યા : ધીરાણ દર પણ વધે તેવી શક્યતા

મુંબઇ, ગુરૂવાર

રિઝર્વ બેંકે ચાવીરૂપ ટૂંકાગાળાના રેટમાં વધારો કરી દીધા બાદ બેંકોએ ડિપોઝિટના રેટમાં વધારો કરવાની શરૂઆત કરી દીધી છે. આની શરૂઆત એચડીએફસી બેંક દ્વારા કરવામાં આવી હતી. એચડીએફસીએ સૌથી પહેલા તેના ફિક્સદર ડિપોઝિટના રેટમાં ૭૫ બેઝિક પોઇન્ટ સુધીનો વધારો કરી દીધો છે.

અન્ય બેંકો લક્ષ્મીવિલાસ બેંક અને સેન્ટ્રલ બેંક પણ ડિપોઝિટના રેટમાં વધારો કરવાની દિશામાં આગળ વધી ચુકી છે. મૂડીરોકાણને વધારવા અને લોકોને આકર્ષિત કરવાના હેતુસર ડિપોઝિટના રેટમાં વધારો કરવામાં આવ્યો છે. રેટમાં ૨૫ બેઝિક પોઇન્ટથી લઈને ૭૫ બેઝિક પોઇન્ટનો વધારો પાકતી મુદત માટે કરવામાં આવી રહ્યો છે. આરબીઆઈના પગલા બાદ આ તમામ બેંકો તેના ડિપોઝિટના રેટમાં વધારો કરી ચુકી છે. ડિપોઝિટના રેટ વધી રહ્યા છે.

એચડીએફસી બેંકે આગામી થોડાક સપ્તાહમાં ધીરાણના દર વધારવાનો પણ સંકેત આપી દીધો છે. સુધારવામાં આવેલા ફિક્સ ડિપોઝિટના રેટ આવતીકાલે ૩૦મી જુલાઈના દિવસે અમલી બનશે. એચડીએફસી બેંકના કારોબારી ડિરેક્ટર પરેશ સુખથાંકરે જણાવ્યું છે કે વિવિધ અવધિ માટે ડિપોઝિટના રેટમાં ૨૫થી ૭૫ બેઝિક પોઇન્ટનો વધારો કરાવામાં આવ્યો છે. ડિપોઝિટ રેટ અંગે વધારાની વિગત આપતા તેમણે કહ્યું હતું કે ૯૧ દિવસ અને ૬ મહિના વચ્ચેની પાકતી મુદત માટે ડિપોઝિટ રેટ ૭૫ બેઝિક પોઇન્ટ વધારીને ૫.૨૫ ટકા કરવામાં આવ્યો છે જે હાલ ૪.૫ ટકા છે. બીજી સૌથી મોટી ખાનગી બેંક એક વર્ષ માટે ૭ ટકાનો રેટ ધરાવે છે. ધીરાણ સાથે સંકળાયેલા લોકોએ જણાવ્યું છે કે ડિપોઝિટના રેટ કરતા લોનમાં વધારો થયો છે જેથી વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. આરબીઆઈએ હાલમાં જ શ્રેણીબદ્ધ પગલા નીતિ સમિક્ષામાં જાહેર કર્યા હતા. બેંકોએ પ્રથમ વખત થાપણોના દર વધાર્યા નથી. આ વર્ષે માર્ચ અને જુલાઈ વચ્ચે બેંકોએ ડિપોઝિટના રેટમાં ૭૫ થી ૧૦૦ બેઝિક પોઇન્ટનો વધારો કર્યો હતો. તે વખતે બેંચમાર્ક ધિરાણના રેટ ખુબજ ચિંતાજનક હતા પરંતુ સ્થિતિમાં સુધારો થઇ રહ્યો છે.

# મુંબઈમાં બહુમાળી ઇમારત ધરાશાયીઃ એકનું મોત થયું

મુંબઇ, ગુરૂવાર

દેશના વાણિજ્ય પાટનગર ગણતા મુંબઈમાં ઉપનગરીય કુર્લામાં આજે સવારે ચાર માળની ઇમારત ધરાશાયી થતા છ વર્ષીય બાળકનું મોત થયું હતું જ્યારે અન્ય દસ લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. અહેવાલ મુજબ કાટમાળ હેઠળ હજુ પણ મોટી સંખ્યામાં લોકો ફસાયેલા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામા આવી છે. કુર્લાના કુરેશી નગર વિસ્તારમાં નિવાસી ઇમારત રફીક એસ્ટેટ વહેલી પરોઠે ધરાશાયી થઇ ગઈ હતી. આ બનાવમાં દસ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તમામને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા છે. બનાવની જાણ થયા બાદ ફાયરબ્રિગેડના અધિકારીઓ કાફલા સાથે પહોચી ગયા હતા અને રાહત કામગીરી હાથ ધરી હતી. નવ જેટલા ફાયર એન્જિનો ઘટના સ્થળે પહોચ્યા હતા. બચાવ અને રાહત કામગીરી હજુ પણ ચાલી રહી છે.


